ગાંધીનગર સમાચાર

# રેડ ક્રોસ મહિલા વિંગ દ્વારા બાળસેવા



ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાની મહિલા વિંગ દ્વારા સરકારી પ્રાથમિક શાળા, મૂકબધિર વિદ્યાલય, આદિવાડા અને ચરેડી આંગણવાડી, સૅક્ટર-૨૮નાં બાળકોને કંપાસ કિટ, પાણીની બૉટલ્સ, રાઈટીંગ પેડ, ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોને ઠંડાં પીણાં સાથે વેફર્સનો નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. આ સેવાકાર્યમાં સાંદિપની સ્કૂલ શિક્ષક કિન્નરી ધાધલ, આકાંક્ષા મોહનાની, પૂર્વી પરમાર, વૈશાલી સૂલે, અરુણા માલી, દર્શિતા જાની, આરતી રામ અને પૂનમ ચૌધરી ડૉ. એકતાબેન પટેલના નેતૃત્વમાં જોડાયાં હતાં.

## પ્રેરણા વ્યાયામશાળા દ્વારા ૬ઠ્ઠીથી સમર કૅમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

પ્રેરણા વ્યાયામશાળા, સૅક્ટર-૬ દ્વારા બાળકો, યુવક-યુવતીઓ માટે સમર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં વ્યાયામશાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા દ્વારા જણાવવામાં આવ્યું છે કે સમર કૅમ્પનું સ્થળ સારસ્વતી વિદ્યાલય, પ્લૉટ નં. ૬૯૭, સૅક્ટર-૬ બી, ગાંધીનગર રહેશે.

સમર કૅમ્પ તા. ૬ઠ્ઠી મે થી તા. ૧૨મી મે સુધી સવારે ૭.૩૦થી ૯.૩૦ સુધી ચાલશે. કૅમ્પ અંતર્ગત ફિઝીકલ ફિટનેસ, યોગ, માર્શલ આર્ટ, ગન શૂટિંગ, ડ્રોઈંગ કોમ્પિટીશન, ઍન્ડ્યુરન્સ, ફન ઍન્ડ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વધુ માહિતી માટે તથા સમર કૅમ્પમાં પ્રવેશ હેતુ રોનક કંસારા (૮૮૬૬૦ ૧૨૬૪૯) અથવા ગોપાલસિંહ સોલંકી (૯૯૨૪૯ ૪૬૦૭૪)નો સંપર્ક સાધવા તેમણે વધુમાં જણાવ્યું છે.

## સ્મિત મ્યુઝિક સ્ટુડિયો દ્વારા દ્વિમાસિક ગીત-સંગીત વર્કશૉપ


ગાંધીનગર, તા. ૩૦

સ્મિત મ્યુઝિક સ્ટુડિયો દ્વારા જુનિયર અને સિનિયર ગાયક-ગાયિકાઓ માટે ગીત-સંગીત વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની એક અખબારી યાદીમાં સંસ્થાનાં અગ્રણી જ્યોતિ ગજ્જર, ભરત ગજ્જર દ્વારા જણાવવામાં આવ્યું છે કે ઉનાળુ વેકેશન દરમિયાન યોજાઈ રહેલ આ દ્વિમાસિક વર્કશૉપ અંતર્ગત વિવિધ બૅચમાં ૧૨થી ૫૦ વર્ષની વયનાં ગાયકો માટે બેઝીક ગુજરાતી, હિન્દી ગીત-ગઝલ, ઈન્સ્ટ્રુમેન્ટ, ફિલ્મી સોંગ્સ, કરાઓકે સિંગીંગનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વર્કશૉપ અંતર્ગત સંગીત કૅરિયર માટે રેન્જ ડેવલપ તથા વિવિધ ટીપ્સ પણ આપવામાં આવશે. આ અંગેની વધુ માહિતી માટે તથા વર્કશૉપમાં પ્રવેશ હેતુ મોબાઈલ નં. ૯૬૬૨૦ ૨૩૧૩૫ના માધ્યમથી સ્ટુડિયોનો સંપર્ક કરવા તેમણે વધુમાં જણાવ્યું છે.

## સ્માર્ટ સિટીના પ્રોજેક્ટોને વેગ આપવા ફંડના ઈનોવેટીવ ઉપાયોને અગ્રક્રમ આપવો જ પડશે




### સુરત, પૂણે, ઈન્દોર, ભુવનેશ્વર સ્માર્ટ સિટી પ્રોજેક્ટો વિકસાવવામાં અન્ય શહેરોથી આગળ

ગાંધીનગર, તા. ૩૦

સુરત, પૂણે, ઈન્દોર, ભુવનેશ્વર સ્માર્ટ સિટી પ્રોજેક્ટો વિકસાવવામાં અન્ય શહેરોથી આગળ છે, જ્યારે બાકીના સ્માર્ટ સિટી વિકસાવવાની બાબતમાં માંડ દસ ટકા કે તેનાથી ઓછી પ્રગતિ થઈ છે. તેના માટે બે કારણો જવાબદાર છેઃ કેપેસિટી બિલ્ડીંગ ટ્રેનિંગનો અભાવ હોવાથી પ્રોજેક્ટમાં કેવી રીતે આગળ વધવું તેની મૂંઝવણ અનેક શહેરો અનુભવી રહ્યા છે. બીજું વિવિધ પ્રોજેક્ટો માટે ભંડોળ કેવી રીતે ઊભું કરવું તેની પૂરતા પ્રમાણમાં જાણકારીનો અભાવ જોવા મળે છે. સ્માર્ટ સિટીના પ્રોજેક્ટોને વેગ આપવા ફંડના ઈનોવેટીવ ઉપાયોને અગ્રક્રમ આપવો જ પડશે, એવો મત ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) ગ્રેજ્યુએટ સ્કૂલ ઑફ સ્માર્ટ સિટીઝના માનદ્ નિયામક પ્રો. રજનિકાન્ત પટેલે વ્યક્ત કર્યો હતો.

ઈનોવેટીવ ફાઈનાન્સિંગ ઑફ ઈન્ડિયન સ્માર્ટ સિટીઝ વિશેના પુસ્તકનું અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના હૉલમાં વિમોચન થયું તે પ્રસંગે તેમણે ઉદાહરણો સહિતના રોચક તથ્યો રજૂ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકારે ૧૦૦ સ્માર્ટ સિટી જાહેર કર્યા અને દરેકને પાંચ વર્ષમાં રૂ.૫૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવાનું નક્કી કર્યું અને રાજ્ય સરકારે એટલી જ ગ્રાન્ટ ફાળવવાની હોઈ કુલ રૂ.૧૦૦૦ કરોડ દરેક શહેરને મળે એવી વ્યવસ્થા વિચારાઈ હતી. સરકારનો હેતુ એવો હતો કે આ સીડ મનીનો ઉપયોગ કરીને શહેરોને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવાની કોઈપણ માર્ગદર્શિકા સિવાય જ પ્રોજેક્ટો ધમધમતા થઈ જાય. જો કે તેમાં ઘણી ધીમી પ્રગતિ થઈ છે. આ પ્રગતિને ઝડપી કેવી રીતે બનાવી શકાય તે વિશે પ્રો. પટેલ અને ફાઈનાન્શિયલ કન્સલ્ટન્ટ દિવ્યેશ મહેતાએ લખેલા પુસ્તકમાં અનેક ઉપાયો સૂચવવામાં આવ્યા છે. આ ઉપાયોમાં લાંબા ગાળાનું બોરોઈંગ, મ્યુનિસીપલ બોન્ડ લાવવા, પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડેલ, એસપીવીનું ઈક્વિટી ફાઈનાન્સ, લાંબા ગાળા માટે લીઝ, કાર્બન ક્રેડિટ વગેરે ઉપાયોનો સમાવેશ થાય છે.

સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે પુસ્તકનું વિમોચન કરતા જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રો.(ડૉ) નવીન શેઠે કહ્યું હતું કે સ્માર્ટ સીટીની તાલીમની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને જીટીયુ તરફથી ઈ-કોર્સ શરૂ કરવામાં આવ્યા તેનો હેતુ વ્યૂહાત્મક નિર્ણયો લેવામાં અધિકારીઓને મદદ કરવાનો છે. આ ઈ-કોર્સ રોજગારી માટે નહિ પણ કૌશલ્યવર્ધક છે. આ પ્રસંગે નિરમા યુનિવર્સિટીના ઉપપ્રમુખ કે.કે. પટેલ અને સાહિત્યકાર ડૉ.મફતલાલ પટેલે આ પુસ્તકને વર્તમાન સંજોગોમાં આવશ્યક હોવાનો ઉલ્લેખ કર્યો હતો.



ચાણક્ય કિડ્સ સ્કૂલ સેક્ટર-૨ ખાતે તાજેતરમાં ફ્રી પ્લે ઝોન ફોર ઓલ કિડ્સનું આયોજન તારીખ કરવામાં આવ્યું હતું. દરેક વર્ગનાં બાળકોએ આ ઉપક્રમનો વિનામૂલ્યે લાભ લીધો હતો. હવે સ્કૂલ ખાતે તારીખ ૧લી મેથી ૩૧ મે સુધી સમર કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે જેમાં સ્કૂલ તરફથી નક્કી કરીને બીપીએલ હેઠળ આવતા પાંચ બાળકોને વિનામૂલ્યે લાભ આપવામાં આવશે. આ હેતુ રજીસ્ટ્રેશન (૭૨૬૫૮૨૧૮૫૩) કરાવવું આવશ્યક છે, એમ સ્કૂલ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## શિક્ષક દ્વારા પુસ્તકનું પ્રકાશન કરાયું



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર સ્થિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાના ગુજરાતીના શિક્ષક જશુભાઈ એચ સુતરિયા દ્વારા ગુજરાતના અનુસૂચિત જાતિ સમાજ માટે સાહિત્યનું નવલું નજરાણું 'નૂતન રાહ' પુસ્તક તૈયાર કરી પ્રકાશિત કરવામાં આવ્યું છે. શાળાના ગૌરવમાં સાહિત્યનું એક પીંછું ઉમેરવા બદલ શાળા પરિવાર દ્વારા આ ગરવા શિક્ષકને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# હરે કૃષ્ણ મંદિર દ્વારા ઉજીથી પાટોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૩૦

હરે કૃષ્ણ મુવમેન્ટ તેના વાર્ષિક ચતુર્થ પાટોત્સવ પર્વની ભવ્ય ઉજવણી હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે તા. ૦૩ મે થી ૦૭ મે, ૨૦૧૯ દરમ્યાન ઉજવી રહ્યું છે. પાંચ દિવસ સુધી ઉજવનાર આ પાટોત્સવની ઉજવણી હરે કૃષ્ણ મંદિરના વાર્ષિકોત્સવ તથા હરે કૃષ્ણ મંદિર, ભાડજમાં ભગવાનના આ શુભ દિને થયેલ આગમનના પ્રસંગને દર્શાવે છે. મંદિરનું ઉદઘાટન તા. ૨૧ એપ્રિલ, ૨૦૧૫ ના રોજ અક્ષયતૃતિયાના શુભદિને કરવામાં આવ્યું હતું. આ ઉત્સવ શ્રી શ્રી રાધા માધવ, શ્રી શ્રી લક્ષ્મી-નરસિંહ ભગવાન અને શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ (કૃષ્ણ-બલરામ સ્વરૂપ) ભગવાનશ્રીની ઉપસ્થિતિ અને તેમના મૂર્તિરૂપે હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે થયેલ સ્થાપનના શુભપ્રસંગને સિમાચિહ્ન રૂપે દર્શાવે છે.

હરેકૃષ્ણ મંદિર ખાતે પાટોત્સવની ઉજવણી ખૂબ જ હર્ષોલ્લાસ અને આનંદ સાથે ઉજવવામાં આવે છે. આ ઉત્સવના ઉજવણીની શરૂઆત તા. ૦૩ મે, ૨૦૧૯ શુક્રવારના રોજ શરૂ થઈ તા. ૦૭ મે, ૨૦૧૯ સુધી, અક્ષયતૃતિયાના શુભિદન સુધી એમ સતત પાંચ દિવસ થનાર છે. દરરોજ સાંજે ૬ વાગ્યાથી ઉત્સવની શરૂઆત થનાર છે. સમી સાંજમાં ખાસ કાર્યક્રમો જેવા કે પાલકી ઉત્સવ, સ્વર્ણરથ ઉત્સવ, મંદિરના વિશાળ કુંડમાં નૌકા વિહાર, મહાઅભિષેક, ઝૂલન ઉત્સવ અને શ્રી શ્રી રાધા માધવની ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવશે. ''શ્રીકૃષણ લીલામ્રત્મ''નુ ગાન, પ્રાપ્તિ શાહ અને ગ્રુપ દ્વારા કૃષ્ણલીલા વિષયવસ્તુ પર લોકનૃત્યનું નિરૂપણ જેવા આહલાદક સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ નયન પંચોલી એન્ડ ગ્રુપ દ્વારા સુંદર ભજનસંધ્યાનો કાર્યક્રમની સાથે હિંડોળા ઉત્સવ સમીસાંજે ઉજવાતા ભક્તોના ઉત્સાહમાં વધારો કરશે. દરરોજ સવારે એક ખાસ પાટોત્સવ યજ્ઞ



કરવામાં આવનાર છે.

તા. ૦૩ મે, ૨૦૧૯ નો રોજ પાટોત્સવની ઉજવણીના ભાગરૂપે પ્રથમ દિવસે અમદાવાદના શાહિબાગ વિસ્તારમાં ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૦૪ મે, ૨૦૧૯ ના રોજ ઉત્સવમાં શ્રી શ્રી રાધામાધવને વિશેષ રીતે બનાવવામાં આવેલ સ્વર્ણરથમાં ભગવાનશ્રીને વિહાર કરાવવામાં આવશે અને ત્યાર બાદ સુંદર પુષ્પોથી સુશોભિત નૌકામાં મંદિરના વિશાળ કુંડમાં વિહાર કરાવવામાં આવશે. આ વિશાળ કુંડ પુષ્પોથી સુશોભિત અને રંગબેરંગી પ્રકાશથી ઝળહળતો હશે. આવો સુંદરનજારો (દ્રશ્ય) સૌ કોઈને ખૂબજ નયનરમ્ય બની રહેશે. ભગવાન શ્રી રાધામાધવ માટે નૌકાવિહાર, શ્રી નયન પંચોલી એન્ડ ગ્રુપ દ્વારા ભજન સંધ્યાનો કાર્યક્રમ અને હિંડોળા ઉત્સ્વ યોજવામાં આવશે.

તા. ૦૫ મે, ૨૦૧૯ ના શુભદિવસે શ્રી શ્રી રાધામાધવની સાંજે ૬ વાગ્યે રથયાત્રા નિકાળવામાં આવશે. સર્વશક્તિમાન શ્રી રાધામાધવની ખાસ પ્રકારના બનાવેલ ભવ્યરથમાં મંદિર પરિસરની આસપાસ ભવ્ય રથયાત્રા નિકાળવામાં આવશે. તદ્ઉપરાંત સાથોસાથ સાંજે ૮ વાગ્યાથી પ્રાપ્તિ શાહ એન્ડ ગ્રુપ દ્વારા કૃષ્ણલીલા વિષયવસ્તુ પર લોકનૃત્ય નું નિરૂપણ કરવામાં આવનાર છે.

પાટોત્સવના પાંચમાં દિવસે, અક્ષયતૃતિયાના શુભદિને, તા. ૦૭ મેના રોજ સર્વશક્તિમાન શ્રી શ્રી રાધામાધવને સાંજના ૬ વાગ્યાથી ચૂરના અભિષેક અર્પણ કરવામાં આવશે. આ એક પારંપરિક દિવ્યસ્નાન વિધિ છે જેમાં ભગવાનશ્રીને હળદર અને અન્ય પવિત્ર પદાર્થો (વસ્તુઓથી) અભિષેક કરવામાં આવશે. મંદિરમાં ભગવાનને (શ્રી શ્રી રાધા માધવ, શ્રી શ્રી લક્ષ્મી-નરસિંહ અને શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ)ને મંદિરના મુખ્ય સભાખંડમાં ભવ્ય અભિષેક અર્પણ કરવામાં આવશે. આખા વર્ષ દરમ્યાન આ શુભ અવસર પર જ પ્રાણપ્રતિષ્ઠા કરેલ બધી દેવપ્રતિમાઓના એક સાથે થતા અભિષેક નિહાળવાનો લ્હાવો પ્રાપ્ત થાય છે. હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ઉજવાઈ રહેલ આ પાવન મહોત્સવમાં ભાગ લેવા માટે સૌ ભાવિકોને મંદિર તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી



રમેશભાઈ રામાભાઈ પારેખ
મો. ૯૪૨૭૬ ૨૬૬૫૦



તુલસીભાઈ ખુબાજી માલી
મો. ૯૪૨૬૫ ૯૦૩૭૨



પ્રવીણસિંહ પી વાઘેલા
મો.૯૯૦૯૧ ૫૯૦૦૫



લક્ષ્મીબેન તુલસીભાઈ માલી
મો. ૯૯૭૪૯ ૬૬૪૭૫



વિષ્ણુભાઈ આર પ્રજાપતિ
જિલ્લા કમાન્ડન્ટ, હોમગાર્ડ
મો. ૯૪૦૮૩ ૨૮૯૫૩



કે જી માજીરાણા
મો. ૯૪૦૮૩ ૨૮૯૫૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## ગાંધીજીનો વિનોદ

॥ ચૌદમો મણકો ॥

### ૩૨ - મરચાંની તીખાશ

સુરતના પાટીદાર આશ્રમમાં ગાંધીજી પહેલવહેલા પધાર્યા હતા ત્યારે આશ્રમમાં જે શણગાર કર્યો હતો તેમાં શાકભાજીનું એક તોરણ બાંધેલું હતું. તે તોરણની વચ્ચે એક મોટું મરચું લટકાવેલું હતું.

આશ્રમમાં પેસતાં જ ગાંધીજી બોલ્યા, મને અહીં જાણે પોતાના સ્થાનમાં આવ્યો હોઉં એવું લાગે છે.

પછીપેલા શાકભાજીના તોરણની વાત નીકળી એટલે એક ભાઈએ કહ્યું, આ શાકભાજીની મીઠાશ તો આપનામાં છે પણ જેમ શાકભાજીમાં મરચાંની તીખાશ જરૂરી છે તેમ આપનામાં પણ થોડી તીખાશ હોવી જરૂરી છે.

ગાંધીજી (હસીને) : મારામાં મરચાં જેટલી તીખાશ છે કે તેનાથીય વધારે એની તો તમે જ્યારે મારોસ્વાદ ચાખશો ત્યારે ખબર પડશે.

### ૩૩ - ભંગી જેટલી સ્વતંત્રતા




એક વાર ગાંધીજીનો મુકામ દિલ્હીમાં ભંગી કૉલોનીમાં હતો. હજી હિંદ સ્વતંત્ર થયું ન હતું પણ સ્વરાજ હાથવેંતમાં છે એમ ગાંધીજી ત્યારે કહેતા. મૂડીદારો, જમીનદારો અને ઉદ્યોગપતિઓને પણ લાગવા માંડ્યું કે આઝાદી હવે હિંદનાં બારણાં ખખડાવી રહી છે. જમીનદારોને ત્યારે ચિંતા થતી કે આઝાદ હિંદમાં જમીનદારોના એક વર્ગ તરીકેના હકો જળવાઈ રહેશે કે કેમ ?

તેથી એક દિવસ જમીનદારોના કેટલાક પ્રતિનિધિઓ આ મુદ્દાની ચોખવટ કરવા ભંગી કૉલોનીમાં ગાંધીજીની મુલાકાતે આવ્યા અને પ્રશ્ન કર્યો કે, આઝાદ હિંદમાં અમારું સ્થાન કેવું હશે ?

જમીનદારો પણ આખરે ગુલામ જ હતા ને ! તેથી ગાંધીજીએ કહ્યું, અરે ! કોઈ પણ ભંગી જેટલા તમે પણ સ્વતંત્ર હશો.

તેમને ધારેલો જવાબ ન મળ્યો પણ ગાંધીજીના વિનોદથી હાસ્યના વાતાવરણમાં તેમણે ચર્ચા આગળ ચલાવી.

### ૩૪ - લાકડીનો ઉપયોગ

એકવાર જવાહરલાલજી તેમના પિતા સાથે ગાંધીજીને મળવા આવ્યા. સાંજનો સમય હતો. ગાંધીજીની ઓરડીમાં દીવો સળગ્યો હતો પણ જવાહરલાલજી અંદર પ્રવેશે તે પહેલાં જ દીવો ઓલવાઈ ગયો અને બારણા પાસે મૂકેલી બાપુની લાગડી સાથે તેઓ અથડાઈ પડ્યા. તેથી સહેજ ધૂંધવાઈને જવાહરલાલજી બોલ્યા :

બાપુ, તમે અહિંસાના પૂજારી છો તો પછી આ લાકડી શા માટે રાખી છે ?

ગાંધીજી : તમારા જેવા તોફાની છોકરાઓને પાંસરા કરવા માટે.

જવાહરલાલજીનો ધૂંધવાટ આ સાંભળી ઓગળી ગયો અને તેઓ હસી પડ્યા.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર